## ડોનાલ્ડ ટ્રમ્પે શું કહ્યું...

- પાકિસ્તાનની જમીન પર રહેલા આતંકવાદનો ખાત્મો કરાશે
- નાગરિકોની સુરક્ષા પર ખતરા બની ચુકેલા ત્રાસવાદીઓને મોટી કિંમત ચુકવવી પડશે
- પાકિસ્તાની સરહદમાં ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવી પડશે
- દરેક દેશને સરહદી સુરક્ષા માટેનો અધિકાર રહેલો છે
- અમેરિકા શાનદાર વિમાનો, રોકેટ, મિસાઈલો અને ઘાતક હથિયારો બનાવે છે અને અમે ભારતીય સેનાને ટોપ હથિયારો આપવા ઈચ્છુક છીએ
- ભારત સાથે વેપાર સમજૂતિ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે
- અમેરિકા ભારતને સૌથી મોટા ડિફેન્સ પાર્ટનર તરીકે છુએ છે
- વિશ્વમાં ભારતની એકતા દાખલારુપ છે
- સચિન તેંડુલકર, વિરાટ કોહલી, અન્ય હસ્તીઓ ભારતમાં નામ ધરાવે છે
- ભારતના લોકોને ખુબ પસંદ કરે છે
- નરેન્દ્ર મોદીને ભારતના લોકો ખુબ પસંદ કરે છે
- સૌથી મોટી ટ્રેડ ડિલ થવા જઈ રહી છે
- અંતરિક્ષના ક્ષેત્રમાં ભારતે પ્રગતિ કરી છે અને અમેરિકાને પડકાર ફેંકવાની સ્થિતિમાં છે

## નરેન્દ્ર મોદીએ શું કહ્યું...

- ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં નવા પ્રકરણની શરૂઆત થઈ છે
- ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે
- વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં ટ્રમ્પ પરિવારનું અમે સ્વાગત કરીએ છીએ
- ટ્રમ્પ પરિવાર સાથે પહોંચ્યા છે જે સંબંધોને એક પરિવાર જેવી મીઠાસ આપી રહ્યા છે
- બંને દેશોના સંબંધ માત્ર સામાન્ય ભાગીદારીના નથી પરંતુ તેના કરતા પણ વિશેષ અને ઘનિષ્ઠ છે
- અમેરિકન લોકોના સપનાને સાકાર કરવા ટ્રમ્પે જે કામ કર્યું છે તેનાથી દુનિયાના દેશો પરિચિત છે
- મેલેનિયા ટ્રમ્પ, પુત્રી ઈવાન્કા, જમાઈ જરેડ પણ પોતપોતાના ક્ષેત્રમાં ઉલ્લેખનીય કામગીરી કરી રહ્યા છે
- કાર્યક્રમ ગુજરાતમાં છે પરંતુ સમગ્ર દેશ ટ્રમ્પ પરિવારને જોઈને રોમાંચિત છે
- કાર્યક્રમનું નામ નમસ્તે રખાયું છે આનો પણ ખુબ મહત્વ છે
- નમસ્તેનો મતલબ માત્ર વ્યક્તિને નહીં બલ્કે તેની દિવ્યતાને નમન માટે છે
- હાઉડી મોદી જેવો કાર્યક્રમ યોજાયો છે

# ટ્રમ્પે ગાંધીઆશ્રમમાં રેંટિયો કાંત્યો

### ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી : ખુબ પ્રભાવિત થયા

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત આવનારા ૭ મા યુએસ પ્રમુખ બન્યા પણ ગાંધીઆશ્રમની મુલાકાત લેનારા સૌપ્રથમ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ બન્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ ભારત



આવેલા ૭ મા યુએસ પ્રેસિડેન્ટ છે.અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની પત્ની સાથે એરફોર્સ વનમાં અમદાવાદ આવી પહોંચ્યા હતા. એરપોર્ટથી ટ્રમ્પનો અભૂતપૂર્વ મેગા ઈન્ડિયા રોડ શો યોજાયો હતો. જેમાં નરેન્દ્ર મોદી જોડાયા હતા અને ટ્રમ્પના રોડ શો પહેલા તેઓ ગાંધી આશ્રમ પહોંચ્યા હતા. ત્યાં પહોંચીને નરેન્દ્ર મોદીએ સાબરમતી આશ્રમમાં ટ્રમ્પનું ભારે આદરપૂર્વક સ્વાગત કર્યું હતું. અહીં નરેન્દ્ર મોદીએ ટ્રમ્પ દંપતીને બાપુના હૃદય સમા હૃદયકુંજથી અવગત કર્યા હતા. ત્યારબાદ ત્યાં રાખેલા રેંટિયાને કાંતવા માટે અમેરિકી રાષ્ટ્રપ્રમુખે જિજ્ઞાસા અને ઈચ્છા વ્યકત કરી હતી. અલબત્, તેમને બેસવામાં થોડી તકલીફ પડી હતી. પરંતુ તેમણે બાપુના પ્રિય રેંટિયાને કાંતવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. ટ્રમ્પને રેંટિયો કાંતવામાં સમજ ન પડતા ત્યાં હાજર આશ્રમવાસી લતાબહેન અને પ્રતિમાબહેને તેની જાણકારી આપી રેંટિયો કાંતતા શીખવ્યું હતું. ત્યારબાદ ટ્રમ્પે રેંટિયો કાંત્યો હતો. ગાંધીઆશ્રમમમાં એક તબક્કે ખુદ વડાપ્રધાન મોદીએ ગાઈડ બનીને ટ્રમ્પ અને તેમની પત્ની મેલેનિયાને રાષ્ટ્રપિતા ગાંધીજી અને તેમના ગાંધી આશ્રમની ઐતિહાસિકતા અને વારસા વિશેની બહુ મહત્વની જાણકારી અને માહિતી પૂરા પાડયા હતા. વિદેશી કાપડ સામે બાપુએ ચલાવેલા સ્વદેશી અપનાવોની ક્રાંતિથી અમેરિકી પ્રમુખને નરેન્દ્ર મોદીએ વાકેફ કર્યા હતા. ટ્રમ્પ અને મેલેનિયા એરપોર્ટથી રોડ શો કરી ગાંધી આશ્રમ પહોંચ્યા હતા. એરપોર્ટ પર નરેન્દ્ર મોદી સહિતના નેતાઓએ ટ્રમ્પ પરિવારનું ભારે ઉત્સાહ સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ગાંધી આશ્રમમાં પણ નરેન્દ્ર મોદીએ ખાદીનો ખેસ પહેરાવી ટ્રમ્પનું સ્વાગત કર્યું હતું. મોદી પોતે ગાઈડ બની ટ્રમ્પ દંપતિને હદયકુંજ લઈ ગયા હતા. હદયકુંજમાં ટ્રમ્પ-મેલેનિયાને ચરખો કાંતતા શીખવ્યો હતો. ટ્રમ્પ-મેલેનિયાએ આશ્રમમાં ગાંધીજીની તસવીરને સુતરની આંટી પહેરાવી વંદન કરી હતી. આ સાથે જ સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાત કરનાર ટ્રમ્પ પ્રથમ અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ બન્યા હતા. જો કે, વિશેષતા એ હતી કે, તેઓ એવા પ્રથમ યુએસ પ્રમુખ છે કે જેઓ પોતાના કાર્યકાળ દરમ્યાન અમદાવાદ આવ્યા છે અને ગાંધીઆશ્રમની પણ મુલાકાત લીધી છે. આ અગાઉ અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ ડ્વાઈટ આઈસનહોવર (૧૯૫૯), રિચાર્ડ નિક્સન (૧૯૬૯), જીમી કાર્ટર (૧૯૭૮), બિલ ક્લિન્ટન (૨૦૦૦), જ્યોર્જ ડબલ્યુ બુશ (૨૦૦૬) તથા બરાક ઓબામા (૨૦૧૦ અને ૨૦૧૫) ભારત આવી ચૂક્યા છે. પરંતુ આમાંથી કોઈ કદી અમદાવાદ આવ્યું નહોતું. જ્યારે ટ્રમ્પ તો અમેરિકાથી રવાના થયા બાદ સીધા લેન્ડ જ અમદાવાદ એરપોર્ટ પર થયા છે અને ગાંધી આશ્રમ પણ ગયા હતા, એ સૌથી ઐતિહાસિક, નોંધનીય અને ગૌરવવંતી વાત અમદાવાદ, ગુજરાત અને ભારત માટે બની રહી હતી.

# ટ્રમ્પની યાત્રાની સાથે સાથે

દુનિયાના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ અમદાવાદ મોટેરા સ્ટેડિયમમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નમસ્તે કાર્યક્રમમાં તમામ મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. સાથે સાથે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, પાકિસ્તાનને કોઈપણ કિંમતે આતંકવાદને ખતમ કરવો પડશે. અગાઉ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ભારત યાત્રા આજે સવારે શરૂ થઈ હતી. પરિવારની સાથે પહોંચી ગયા બાદ તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ.વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તેમના સ્વાગત માટે પહોંચ્યા હતા. તેમના નિર્ધારિત કાર્યક્રમ પહેલા ત્રણ મિનિટ પહેલા પહોંચી ગયા હતા. એરફોર્સ વનના વિમાન મારફતે તેઓ અમદાવાદ વિમાનીમથક ખાતે પહોંચી ગયા હતા. વોશિંગ્ટન ડીસીથી સીધી રીતે તેઓ અહીં પહોંચ્યા છે.

- ડોનાલ્ડ ટ્રમ્પની હાઈપ્રોફાઈલ યાત્રા આજથી શરૂ કરાઈ
- ટ્રમ્પનુ સ્વાગત કરવા માટે રુટ ઉપર લાખો લોકો ઉમટી પડ્યા
- મોટેરા સ્ટેડિયમ પર નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં મોદી અને ટ્રમ્પની કેમેસ્ટ્રી દેખાઈ
- બંને એકબીજાને અનેક વખત ગળે મળ્યા
- ટ્રમ્પ અને મોદીએ એકબીજાની નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ભરપુર પ્રશંસા કરી
- નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ શરૂ થાય તે પહેલા જ લાખોની સંખ્યામાં લોકો પહોંચ્યા
- ટ્રમ્પની પુત્રી ઈવાન્કાએ મેદાન પર હાઉસફુલના શોને જોઈને સેલ્ફી પડાવી
- અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા બાદ લાલઝાઝમ બિછાવી સ્વાગત અને ગાર્ડ ઓફ ઓનર
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અને ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી સહિતની હસ્તીઓ ટ્રમ્પનું સ્વાગત કરવા એરપોર્ટ પર પહોંચી
- અમેરિકી સિક્રેટ સર્વિસના અધિકારીઓ તથા એનએસજી તથા કમાન્ડો ટીમ તૈનાત કરી દેવાઈ
- સરદાર પટેલ સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં બોલીવુડ અને રમત-ગમત સાથે જોડાયેલી તમામ હસ્તીઓ હાજર
- નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ વેળા ગુજરાતના કલાકારોએ પણ રંગત જમાવી
- રતન તાતા સહિતના ઉદ્યોગપતિઓ અને કોર્પોરેટ જગતની હસ્તીઓ હાજર
- રોડ શોના માર્ગ પર એનએસજીની સ્નાઈપર અટકાયત ટુકડી તૈનાત
- રોડ શો ઈન્દિરા પુલથી પસાર થઈને મોટેરા સ્ટેડિયમ સુધી
- બોંબ નિષ્ક્રિય કરતી ટુકડી સહિત તમામ ટીમો આધુનિક હથિયારો સાથે સજ્જ રહેશે
- પોલીસ અને અન્ય સુરક્ષા સંસ્થાઓ દ્વારા ૧૦૦થી વધુ વાહનોની મદદથી રોડ શોના માર્ગની ચકાસણી થઈ ચુકી છે




- અમેરિકાના પ્રમુખના આગમન પહેલા ૪સી ૧૭ બ્લોગમાસ્ટર કાર્ગો વિમાન, હેલિકોપ્ટર મરીન, ભવ્ય એસયુવી વાહનો પહોંચી ચુક્યા છે
- ૧૦૦૦૦થી વધુ સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા
- ટ્રમ્પના કાફલામાં અમેરિકી વાહનો પણ રહ્યા
- રોડ શોના માર્ગ ઉપર ૨૮ રાજ્યોના કલાકારો રંગત જમાવી રહ્યા છે
- ગુજરાતના કલાકારો પણ કાર્યક્રમને ચારચાંદ લગાવવા સજ્જ રહ્યા
- ટ્રમ્પની ટ્રીપ પહેલા પોલીસ રિહર્સલની કામગીરી પૂર્ણ કરાઈ
- પોલીસ રિહર્સલ કામગીરીમાં ૧૦ હજારથી વધુ સુરક્ષા જવાનો, આરએએફ, એસઆરપીના જવાનો તૈનાત કરી દેવાયા
- સમગ્ર અમદાવાદ શહેરને સુરક્ષા વ્યવસ્થા હેઠળ આવરી લેવાયું
- ૧૦ હજાર સુરક્ષા જવાનોમાં ૨૫ આઈપીએસ ઓફિસરો, ૬૫ એસીપીનો પણ સમાવેશ
- સ્પેશિયલ પ્રોટેકશન ગ્રુપ એસપીજીના સભ્યો અને એનએસજી કમાન્ડોની ટુકડી પણ કવાયાતમાં સામેલ
- રિહર્સલની પ્રક્રિયામાં અમેરિકી સંસ્થાઓના સભ્યો પણ સામેલ થયા
- સુરક્ષા સંસ્થાઓ માટે મેસેજોની આપ-લે કરવા સ્પેશિયલ વાયરલેસ ચેનલની શરૂઆત કરાઈ
- સિક્રેટ મેસેજોને નોર્મલ પોલીસ વાયરલેસ સિસ્ટમ ઉપર મોકલવામાં આવશે નહીં
- રોડ શો પર એસપીજી, એનએસજી, ડ્રોન દ્વારા નજર રાખવામાં આવી
- ૩૦૦ ટેકનિકલ એક્સપર્ટ જાસૂસીની ફરજ પર જોડાઈ ચુક્યા છે
- ઈલેકટ્રોનિક જાસૂસી માટે અલગ કંટ્રોલ રૂમની શરૂઆત થઈ ચુકી છે
- ૧૨૦ ડોર ફ્રેમ મેટલ ડિટેકટર્સનો ઉપયોગ કરવામાં આવશે
- ૨૪૦ હેન્ડહેલ્ડ મેટલ ડિટેકટર્સનો ઉપયોગ કરવામાં આવ્યો
- રૂટ પર ૨૦૦થી વધુ ક્લોઝ સર્કિટ કેમેરા ગોઠવાયા
- સ્થળો પર ૧૨૦ સ્કેનિંગ મશીનો પણ મુકવામાં આવ્યા
- જુદા જુદા જિલ્લાઓને કોડ નંબર આપવામાં આવ્યા છે. જેના ભાગરૂપે પાર્કિંગ વ્યવસ્થા લાગુ રહેશે
- બોમ્બ ડિટેકશન અને ડિસ્પોઝલ ટુકડી પણ સ્થળ પર ગોઠવી દેવામાં આવી
- એનએસજીની એક સ્પેશિયલ ટીમ પણ શહેરમાં પહોંચી

# ગાંધી આશ્રમ ડાયરીમાં ટ્રમ્પે સંદેશ લખ્યો : મોદીનો ઉલ્લેખ

અમદાવાદ,તા. ૨૪

ગાંધીઆશ્રમની મુલાકાત બાદ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આશ્રમની ડાયરીમાં રાષ્ટ્રપિતા ગાંધીજીને યાદ કરવા કે તેમના વિચારો કે, તેમના આદરની કોઈ વાત લખવાને બદલે મોદીનો જ માત્ર ઉલ્લેખ કર્યો હતો. કોઈ વિદેશી મહાનુભાવ ગાંધીઆશ્રમ આવ્યા હોય અને ડાયરીમાં ગાંધીજીના જીવન વિશે વિચારો વ્યક્ત નહી કર્યાની આ પ્રથમ ઘટના નોંધનીય અને ચર્ચાસ્પદ બની રહી હતી. ટ્રમ્પે પોતાના હસ્તાક્ષરમાં આશ્રમની ડાયરીમાં લખ્યું હતું કે, સામાન્ય રીતે કોઈ પણ મહાનુભાવ ગાંધીઆશ્રમ આવે છે ત્યારે તેઓ ગાંધીજીના જીવન વિશે પોતાના વિચાર ડાયરીમાં લખે છે. પરંતુ ટ્રમ્પે આ પરંપરાને પણ તોડીને આજે ગાંધીઆશ્રમની મુલાકાત દરમ્યાન ગાંધીજીને બદલે નરેન્દ્ર મોદીનું અભિવાદન કરતો મેસેજ લખ્યો હતો. એવું આ પહેલીવાર બન્યું છે કે, કોઈ પણ વિદેશી મહાનુભાવ ગાંધીઆશ્રમની મુલાકાતે આવ્યા હોય અને તેમણે ગાંધીજીના જીવન વિશે પોતાના વિચારો વ્યકત ન કર્યા હોય. ગાંધીઆશ્રમની ઝડપભેર મુલાકાત લીધા બાદ ટ્રમ્પે આશ્રમની ડાયરીમાં પોતાનો મેસેજ લખ્યો હતો. ટ્રમ્પે લખ્યું હતું કે, ટુ માય ગ્રેટ ફ્રેન્ડ પ્રાઈમ મીનીસ્ટર મોદી, થેન્ક યુ ફોર ધીસ વન્ડરફુલ વીઝીટ(પ્રતિ, મારા ગાઢ







મિત્ર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આ અદભુત મુલાકાત બદલ આપનો ધન્યવાદ). આ મેસેજની નીચે ટ્રમ્પ ઉપરાંત ફર્સ્ટ લેડી મેલેનિયા ટ્રમ્પે પણ હસ્તાક્ષર કર્યા હતા. મેલેનિયા અને ડોનાલ્ડ ટ્રમ્પ આશરે ૧૧ મિનિટ સુધી ગાંધીઆશ્રમમાં રોકાયા હતા. ત્યારબાદ તેઓ મોટેરા આશ્રમ રવાના થઈ ગયા હતા. ગાંધી આશ્રમમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મેલેનિયાનું સાદગીથી સ્વાગત કર્યા બાદ પીએમ મોદી અને ટ્રમ્પે ગાંધીજીની તસવીરને સૂતરની આંટી પહેરાવી હતી. અને શ્રદ્ધાંજલિ આપી વંદન કર્યા હતા. તો ગાંધી આશ્રમમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને મેલેનિયાએ રેંટિયો કાંતવાનો પણ પ્રયાસ કર્યો હતો. મહાસત્તાના પ્રમુખ અને તેમના પત્નીએ નીચે ગાદી પર બેસીને રેંટિયો કાંતવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે ટ્રમ્પ રેંટિયો કાંતવામાં મૂંઝાતા મોદીએ હળવા અંદાજમાં આશ્રમના કોમ્યુનેટર લતાબહેન અને પ્રતિમાબહેનને રેંટિયો કાંતવામાં મદદ કરી હતી. તો ગાંધી આશ્રમની મુલાકાત સ્વરૂપે અમેરિકાના પ્રમુખને સંસ્મરણ ભેટ પણ આપવામાં આવી હતી. જેમાં ગાંધીજીને સને ૧૯૩૩માં જાપાનના બૌધ્ધ સાધુએ ભેટમાં આપેલી પ્રિય ત્રણ વાંદરાઓની પ્રતિકૃતિ અમેરિકાના રાષ્ટ્રપતિને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. ગાંધી આશ્રમની મુલાકાતે આવતા મહાનુભવો વિઝિટર બુકમાં ગાંધીજીના આદર્શો અને પોતાના અનુભવ અંગે લખતા હોય છે. ત્યારે પહેલી વખત ગાંધી આશ્રમની મુલાકાતે આવેલા અમેરિકન પ્રમુખ ટ્રમ્પે વિઝિટર બુકમાં આશ્રમની મુલાકાત કરાવવા બદલ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો. મેલેનિયા અને ડોનાલ્ડ ટ્રમ્પ આશરે ૧૧ મિનિટ સુધી ગાંધીઆશ્રમમાં રોકાયા હતા. ત્યારબાદ તેઓ મોટેરા આશ્રમ રવાના થઈ ગયા હતા. જો કે, ગાંધીઆશ્રમની ડાયરીમાં તેમની આ નોંધ પણ ચર્ચાનું કેન્દ્ર બની હતી. ગાંધીઆશ્રમ સંચાલિત વિનયમંદિર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા બાપુના પ્રિય ભજન વૈષ્ણવ જન રે.. અને રઘુપતિ રાઘવ રાજારામ..નું ગાન કર્યું હતું.

# મંત્રી સહિત ભાજપ સાંસદ, ધારાસભ્યો બસમાં પહોંચ્યા

અમદાવાદ,તા.૨૪

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજે મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાયેલા નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાંથી લોકો ખૂબ મોટી સંખ્યામાં ખાસ અમદાવાદના મોટેરા સ્ટેડિયમની મુલાકાતે આવ્યા હતા. અંદાજે સવા લાખથી વધુનો માનવ મહેરામણ મોટેરા સ્ટેડિયમમાં ઉમટતા આ એક ઐતિહાસિક અને રેકોર્ડબ્રેક ઘટના બની રહી હતી. મોટેરા સ્ટેડિયમમાં આવેલા આમંત્રિત મહેમાનોની વચ્ચે સરકારના મંત્રીઓ, ભાજપના સાંસદો, ધારાસભ્યો અને આગેવાન-નેતાઓ ખાનગી તેમ જ વોલ્વો બસો મારફતે સ્ટેડિયમ ખાતે પહોંચ્યા હતા. તંત્ર દ્વારા ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા ના રહે તે હેતુથી નેતાઓ માટે તેમની



કારોની જગ્યાએ ખાનગી બસોની વ્યવસ્થા કરાઈ હતી. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ જેવા કોઈ વિદેશી મહાનુભાવ આવ્યા ત્યારે કાર્યક્રમમાં જોડાવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારમાં સમાવિષ્ઠ મંત્રીઓ તથા ભાજપના ગુજરાત સાંસદો અને ધારાસભ્યને વિશેષ બસોમાં મોટેરા સ્ટેડિયમ પહોંચ્યા હોય તેવી આ પ્રથમ ઘટના હતી. ગાંધીનગરથી સદસ્ય નિવાસેથી ભાજપના તમામ નમસ્તે ટ્રમ્પના કાર્યક્રમમાં હાજર આપવા માટે બસમાં જવા રવાના થયા હતા. જેમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, પુરષોત્તમ રૂપાલા તેમજ ગુજરાત રાજ્યના મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જયેશ રાદડિયા, સહિતના મંત્રીઓ રવાના થયા હતા. ઉપરાંત દંડક પંકજ દેસાઈ પણ જોડાયા હતા. આ ઉપરાંત ધારાસભ્યો અને સાંસદોના માટે પણ ખાનગી અને વોલ્વો બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે ઘટના પણ આજના કાર્યક્રમ દરમ્યાન નોંધનીય બની રહી હતી.

તંત્ર દ્વારા ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા ના રહે તે હેતુથી નેતાઓ માટે તેમની કારોની જગ્યાએ ખાનગી બસોની વ્યવસ્થા કરાઈ હતી. પહેલી વખત એવુ બન્યું હતું કે, મંત્રીઓ, ધારાસભ્યો અને સાંસદ સહિતના નેતાઓ પોતાની વીઆઈપી કારના બદલે ખાનગી બસમાં બેસીને કાર્યક્રમમાં પહોંચ્યા હતા.

## સંયુક્ત સંકલ્પ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમે એક શાનદાર ડિલ કરી શકીશું જે બંને દેશોના હિતમાં રહેશે. તેમણે કબૂલાત કરતા કહ્યું હતું કે, મોદી ખુબ જ ટફ છે. અમેરિકા પહેલાથી જ ભારતના મોટા ભાગીદાર બનવાની દિશામાં છે. ટ્રમ્પે ઉમેર્યું હતું કે, સ્પેસ સાયન્સના ક્ષેત્રમાં ભારતે શાનદાર કામ કર્યું છે. અમે બિઝનેસ ક્લાઈમેટમાં વધુ સુધારા કરીશું. ચંદ્રયાન પ્રોગ્રામને શાનદાર ગણાવીને કહ્યું હતું કે, ભારત અમેરિકાને આ ક્ષેત્રમાં પડકાર ફેંકી રહ્યું છે. બંને દેશો મેન મિશનમાં ભાગીદાર બનશે. મોદીની અવધિમાં અંતરિક્ષ સાયન્સમાં ભારતે જોરદાર પ્રગતિ કરી છે. ટ્રમ્પે કહ્યું હતું કે, ભારતમાં અનેક વિશેષતાઓ રહેલી છે. ટ્રેમ્પે ભાષણ દરમિયાન ઉમેર્યું હતું કે, આ શાનદાર સ્વાગત તેઓ હંમેશા યાદ રાખશે. ભારત અમારા દિલોમાં હંમેશા વિશેષ સ્થાન રાખશે. મોદીએ ચાવાળા તરીકે પોતાની શરૂઆત કરી હતી. ચા વેચવાની શરૂઆત કર્યા બાદ અહીં સુધી પહોંચ્યા છે. અમે તમામ તેમને પસંદ કરીએ છીએ પરંતુ મોદી ખુબ જ કઠોર વ્યક્તિ તરીકે પણ છે. ટ્રમ્પે પોતાના ભાષણમાં કહ્યું હતું કે, ભારતની એકતા વિશ્વમાં દાખલારુપ છે. ભાષણમાં સરદાર વલ્લભભાઈ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ઉલ્લેખ કર્યો હતો. અહીંના લોકોની એકતા વિશ્વમાં તમામને પસંદ છે.

સચિન તેંડુલકર, વિરાટ કોહલી અને બોલીવુડ ફિલ્મ શોલેની સાથે દિલવાલે દુલ્હનિયાનો ઉલ્લેખ કર્યો હતો. મોદીના નેતૃત્વમાં ભારત અતિઝડપથી આગળ વધી રહ્યું છે. ભારત અને અમેરિકા વચ્ચેની મિત્રતા આટલી મજબૂત પહેલા ક્યારેય ન હતી. અમે ભારતના લોકોને પસંદ કરીએ છીએ. ભારત જ્ઞાનની ધરતી છે. અહીં સંસ્કૃતિ ખુબ મહાન છે. આવતીકાલે મોદી સાથે જુદા જુદા વિષયો ઉપર વાતચીત થશે. રાજઘાટ પર પણ જશે. મહાત્મા ગાંધીનું તેઓ ખુબ સન્માન કરે છે. ટ્રમ્પે પોતાના ભાષણના અંતે ગોડ બ્લેસ ઈન્ડિયા, ગોડ બ્લેસ અમેરિકા અને વી લવ ઈન્ડિયા કહીને પોતાના ભાષણની પૂર્ણાહૂતિ કરી હતી.

## ખૂબ રોમાંચક

● અનુસંધાન પહેલાનું ચાલુ

આશ્રમ આવ્યા છે અને પછી નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. અમે તેમનું ભવ્ય સ્વાગત કરીએ છીએ. ટ્રમ્પ તેમના પત્નિ મેલેનિયા ટ્રમ્પ, પુત્રી ઈવાન્કા અને જમાઈ જરેદની સાથે અહીં પહોંચ્યા છે જે દર્શાવે છે કે, ભારત અને અમેરિકાના સંબંધોને એક પરિવાર જેવી મિઠાસ મળી રહી છે. ઘનિષ્ઠતાની ઓળખ જોવા મળી રહી છે.

આ કાર્યક્રમનું નામ નમસ્તે રાખવામાં આવ્યું છે. તેનો અર્થ પણ ઘણો ઉંડો છે. વિશ્વની સૌથી પ્રાચીન ભાષાઓમાંની એક સંસ્કૃતનો આ શબ્દ છે. નમસ્તેનો ભાવ છે કે, માત્ર વ્યક્તિ જ નહીં પરંતુ તેની અંદર વ્યાપ્ત દિવ્યતાને પણ અમે નમન કરીએ છીએ. આટલા ભવ્ય કાર્યક્રમ માટે ગુજરાતમાં રહેતા લોકો અને બહારના લોકોનો આભાર માને છે. મોદીએ ઉમેર્યુ હતું કે, બંને દેશો વચ્ચે એક નવા પ્રકરણની શરૂઆત થઈ રહી છે. લોકોના વિકાસ માટે નવા દસ્તાવેજની શરૂઆત થઈ રહી છે. સ્વસ્થ અને અમીર અમેરિકા માટે ફર્સ્ટ લેડી મેલેનિયાએ ઉલ્લેખનીય કામગીરી અદા કરી છે તેના સારા પરિણામ મળી રહ્યા છે. સમાજમાં બાળકો માટે જે કામ થઈ રહ્યા છે તે પ્રશંસાપાત્ર છે જ્યારે મેલેનિયા ટ્રમ્પ કહે છે બી બેસ્ટ ત્યારે આજના સ્વાગત સમારોહમાં લોકોની ભાવના આમા પ્રગટ થાય છે.

## ખૂબ કઠોર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ શરૂ થયો હતો. ટ્રમ્પ અને તેમના પરિવારને જોવા મોટેરામાં સવા લાખથી વધુ જનમેદની ઉમટી હતી. એક તબક્કે સમગ્ર સ્ટેડિયમાં જોરશોરથી નમસ્તે ટ્રમ્પ, નમસ્તે ટ્રમ્પના નારા ગુંજી ઉઠયા હતા, જે દ્રશ્યો જોઈ એક તબક્કે અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, તેમના પત્ની મેલેનિયા, દિકરી ઈવાન્કા અને જમાઈ જેરેડ કુશ્નર ગદ્ગદ્ બન્યા હતા. અમેરિકી રાષ્ટપ્રપ્રમુખ ટ્રમ્પે પોતાના સંબોધનમાં શરૂઆતમાં જ જણાવ્યું કે, મોદીના પિતા ચાનો સ્ટોલ ચલાવતા હતા અને મોદી આ શહેરમાં ચા વેચતા હતા. ચાઈવાલા મોદી બોલતા જ સ્ટેડિયમમાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. સ્ટેડિયમમાં ઉમટેલા માનવમહેરામણે ટ્રમ્પની મિત્ર પ્રત્યેની લાગણી અને પીએમ મોદીની ચાઈથી પીએમ પહોંચવા સુધીની સિધ્ધિને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. આ પહેલા ગુજરાત ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમજ ટ્રમ્પ નાગરિક અભિવાદન સમિતિના સભ્યોએ ટ્રમ્પ અને મોદીને આવકાર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગૃહમંત્રી અમિત શાહનો પરિચય કરાવ્યો, ત્યારે ટ્રમ્પે તેમની સાથે ભારે જોશ સાથે હાથ મિલાવ્યો હતો.

## આજે સે. ૨૦માં શ્રી કબીર આશ્રમ ખાતે ભંડારો યોજાશે

ગાંધીનગરના સેક્ટર-૨૦ખાતે શ્રી કબીર આશ્રમમાં સદ્ગુરૂ ભગવાનદાસજી સાહેબના ભંડારાનું તા. ૨૫મી ફેબ્રુઆરી મંગળવારે સવારે ૯ કલાકથી આયોજન કરવામાં આવ્યુંછે. માતાજી મીરાંબાનો જીવિત પરિનિર્વાહ એટલે કે જીવનચર્ચાનુંપણ આયોજન કરવામાં આવ્યું છે. આશ્રમના મહંત પૂ. ગોકુલદાસજી મહારાજ આર્શિવચન પાઠવશે. સવારે ૯ કલાકે સાધુસંતો મહંત સાહેબોનું સામૈયુ, ૧૧ કલાકે ધ્વજારોહણ, ૧૧.૧૫ કલાકે દીપ પ્રાગટ્ય, ૧૧.૩૦ કલાકે આનંદ આરતી તથા મહાનુભાવોના પ્રવચનો અને અંતે બપોરે ૧ કલાકે ભોજનપ્રસાદી તથા ભેટ વિદાય સાથે ભંડારાનું સમાપન થશે.

# અદાણી વિદ્યામંદિર, અમદાવાદ અને સૂરગુજાને 'સમગ્ર શિક્ષા-એમપાવરીંગ ઈન્ડિયા એવોર્ડઝ' એનાયત કરાયા

અદાણી વિદ્યામંદિર, અમદાવાદ અને સૂરગુજાને 'સમગ્ર શિક્ષા-એમપાવરીંગ ઈન્ડિયા એવોર્ડઝ ૨૦૨૦' હાંસલ થયા છે. અદાણી વિદ્યામંદિર અમદાવાદને આ એવોર્ડ ગુજરાત રાજયમાંથી ખાનગી શાળા (બિનસહાયીત)ની કેટેગરીમાં તથા અદાણી વિદ્યામંદિર સૂરગુજાને છત્તીસગઢની ખાનગી શાળા (બિનસહાયીત) ની કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો છે. અદાણી વિદ્યામંદિર ભદ્રેશ્વર, ગુજરાતને પણ કામગીરીની કદર કરતું પ્રમાણપત્ર એનાયત થયું છે. આ બધા એવોર્ડઝ કેન્દ્ર સરકારના માનવ સંસાધન પ્રધાન પ્રધાન ડો. રમેશ પોખિરીયાલ 'નિશંક'ના હસ્તે નવી દિલ્હી ખાતે ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ યોજાયેલા એક સમારંભમાં એનાયત કરવામાં આવ્યા હતા.

'સમગ્ર શિક્ષા-એમપાવરીંગ ઈન્ડિયા એવોર્ડઝ' સમાજના વંચિત વર્ગને ગુણવત્તાયુક્ત અને મૂલ્ય આધારિત પ્રાથમિક શિક્ષણ પૂરૂં પાડીને ગુણવત્તા ધરાવતી સંસ્થામાં અભ્યાસ કરવાની તેમની મહેચ્છાઓ સાકાર કરતી ખાનગી શાળાઓ/ બિનસહાયીત શાળાઓ/ સ્વૈચ્છિક સંસ્થાઓને એનાયત કરવામાં આવે છે.

અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડો. પ્રીતિ અદાણી જણાવે છે કે ''અદાણી વિદ્યામંદિર સમાજના વંચિત વર્ગના બાળકોને આત્મવિશ્વાસપૂર્વક તેમના ભાવિ તરફ આગળ વધવાના ધ્યેય સાથે પૂરૂ પાડે છે. અમને મળેલ આ બહુમાન દર્શાવે છે કે અમે સમગ્રલક્ષી શિક્ષણ મારફતે સશક્તિકરણની અમારી મજલ દેશના વિવિધ ભાગોમાં હજારો સક્સેસ સ્ટોરીઝનું નિર્માણ કરીને આગળ ધપાવી છે.''